જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૯/૨૦૧૬ શુક્રવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૦૩/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી ૧૩૧ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬૦૪/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૬ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**સૃષ્ટી વિરૂધ્ધના કૃત્યની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૬૦૫/૧૬**

**મેઘાણીનગર : મેઘાણીનગર વિસ્તારમાં રહેતાં ૨૧ વર્ષનાં યુવકે તા.૧/૯/૧૬ નારોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ડીસેમ્બર/૨૦૧૪ અને જાન્યુ.ફેબ્રુ/૨૦૧૫ દરમ્યાન અવાર-નવાર આરોપી રમુ અશોકકુમાર શિકારપુરી (ઉ.વ.૨૮) (રહે.રાધાસ્વામી ફ્લેટ, કુબેરનગર બંગલા એરીયા) એ પોતાના ઘરે યુવકને બોલાવી, યુવકને તેનાં પિતા અને બહેન-બનેવીને જાનથી મારી નાંખવાની ધમકી આપી, યુવકની મરજી વિરૂધ્ધ સૃષ્ટી વિરૂધ્ધનુ કૃત્ય કર્યુ હતુ.** આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.પી.તરેટીયા ચલાવે છે.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૬૦૬/૧૬**

**ઓઢવ** : ક્રિષ્નાબહેન દશરથભાઇ દેસાઇ (ઉ.વ.૧૭) (રહે.મોમાઇનગર, રબારી વસાહતની બાજુમાં, ઓઢવ) ને તા.૩૧/૮/૧૬ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી વિજયભાઇ તેજાભાઇ રબારી (રહે.પુનિતનગર, જશોદાનગર) લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ ક્રિષ્નાબહેનનાં પિતા દશરથભાઇ દેસાઇએ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એન.એલ.દેસાઇ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ઘરફોડ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૦૭/૧૬</u>**

**કૃષ્ણનગર : રણજીતભાઇ જીવનલાલ ગોપાણી** (રહે.સનરાઇઝ ઓર્ક જીવન ટ્વીન બંગ્લોઝની બાજુમાં, કૃષ્ણનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧/૯/૧૬ કલાક ૩/૧૫ વાગ્યાનાં સુમારે પોતાના ઘરનાં દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોનાની બુટ્ટી કિંમત રૂપિયા ૧૦,૦૦૦/-, ચાંદીની વિંટી  કિંમત રૂપિયા ૫૦૦/-, સોનાનું પેડલ કિંમત રૂપિયા ૮,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧,૪૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૬૩,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એ.રાઠોડ ચલાવે છે.

**ઇસનપુર : મૌલીકભાઇ વિક્રમભાઇ પટેલ** (રહે.ન્યુ રૂપલ સોસાયટી, વેરાઇમાતાનાં મંદિર પાસે, ઘોડાસર ગામ) એ તા.૧/૯/૧૬ નારોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૮/૧૬ બપોરનાં ૨/૩૦ થી ૩/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરનાં દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદીનાં દાગીના અને રોકડ રૂપિયા ૪૫,૫૦૦/- મળી કુલ રૂપિયા ૯૧,૩૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી બકુલભાઇ શંકરલાલ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૬૦૮/૧૬</u>**

**માધવપુરા : મુન્નો ઉર્ફે દીપુ રામજીભાઇ પ્રજાપતિ** (ઉ.વ.૨૪)(રહે.ભગુભાઇની ચાલી, માધવપુરા) એ કોઈ અગમ્ય કારણસર તા.૩૧/૮/૧૬ રાતના ૮/૨૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે પોતાના ઘરે છતની પાઇપમાં સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમસિંહ ચંદ્રસિંહ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)